Charotar's First And Only



## અમેરિકામાં સંતરામ ભકત સમાજ દ્વારા દિપાવલી સત્સંગ અને નેત્રનિદાન કેમ્પ યોજાયો

અમેરિકામાં સંતરામ ભકત સમાજ યુ.એસ.એ. દ્વારા દિવાળી સંતરામ સત્સંગની ઉજવણી ન્યુજર્સી કોલેજ હોલમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે નડિયાદના સંતરામ મંદિરના મહંત પૂ. રામદાસજી મહારાજે ટેલિફોનિક શુભેચ્છા પાઠવી હતી. મંદિરના દિક્ષિત સંત સત્યદાસજી મહારાજની ઓડિયો સીડી દ્વારા સુંદરકાંડ પાઠનું પઠન કરવામાં આવ્યું હતું તેમજ સંતરામ મંદિરનું મોડેલ બનાવનાર ભકત રૂપલબેન શાહનું બહુમાન ડૉ. મનિષાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમેરિકામાં દિવાળી નિમિત્તે નિ:શુલ્ક ફલુ રોગ પ્રતિકારક રસી તથા નેત્ર િ નદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્થાનિક ડૉ. વિનોદ જી. પટેલ, ડૉ. તુષાર બી. પટેલ, ડૉ. મનિષા એસ. પટેલ અને ડૉ. ઈન્દ્રવદન ટી. પટેલે સેવા આપી હતી. નેત્ર િ નદાન કેમ્પમાં ડૉ. હિતેશ કે. પટેલે સેવા આપી હતી. અંતે ન્યુજર્સીના સૂર્યાબેન અને અ િ નલભાઈ પટેલ પરિવાર તરફથી નડિયાદ સંતરામ મંદિરના પંચાગની વહેંચણી કરવામાં આવી હતી. નડિયાદથી પૂ. રામદાસ મહારાજ દ્વારા દિપાવલી પર્વ અંતર્ગત શુભેચ્છા સંદેશાનું વાંચન કર્યા બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવિકભકતો ઉપસ્થિત રહ્યા હતા.



Copy Right (C) Sardari Gurjari